ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

પેટલાદમાં ગણેશ મહોત્સવ માટે વહીવટી તંત્ર સજ્જ | આગમન શોભાયાત્રા રાત્રે ૧૦ વાગ્યા સુધી જ યોજી શકાશે

પેટલાદના તળાવ-નહેરમાં વિસર્જન ન કરવા તાકીદ

શાંતિપૂર્ણ માહોલમાં ગણેશ ઉત્સવ ઉજવવા તંત્ર અને આયોજકોની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨

પેટલાદ શહેર અને તાલુકામાં ગણેશ મહોત્સવની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આગામી તા.૧૪ સપ્ટેમ્બરના રોજ ઠેરઠેર ગણેશ સ્થાપના થનાર છે. જે પૂર્વેની જરૂરી પરવાનગીઓ, જાહેરનામા સંદર્ભના સૂચનો વગેરે માટે આજરોજ પ્રાંત અધિકારીના અધ્યક્ષ પદે એક બેઠક યોજાઈ હતી. જેમાં આયોજકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આજની બેઠકમાં પ્રાંત અધિકારીએ ખાસ જણાવ્યું હતું કે પીવા લાયક પાણીમાં કોઈએ પણ વિસર્જન કરવું જોઈએ નહીં.

પ્રાપ્ત માહિતી મુજબ પ્રતિ વર્ષ પેટલાદ શહેર અને તાલુકામાં અસંખ્ય સ્થળોએ ગણેશ સ્થાપના કરી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ મહોત્સવની ઉજવણી રંગેચંગે કરવા યુવાધન મહિનાઓ અગાઉથી તૈયારીમાં લાગી જતાં હોય છે. અનેક સ્થળોએ જુદી જુદી થીમ આધારિત ગણેશ સ્થાપના કરવામાં આવતા હોય છે. વર્ષ દરમ્યાન આવતા હિન્દુ તહેવારો પૈકી આ ઉત્સવ અતિ મહત્વનો માનવામાં આવે છે. મહોત્સવના દસ દિવસ દરમ્યાન

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

આયોજકો અને ભક્તો દ્વારા રોજેરોજ સવાર - સાંજ પૂજા, આરતી, પ્રસાદ, થાળ વગેરેનું આયોજન કરી લોકો ગણેશ ભક્તિમાં લીન થઈ જાય છે.

શહેર - તાલુકામાં આ દિવસો દરમ્યાન ભજન, ડાયરા, સુંદરકાંડ પાઠ, બાળકો માટે રમત ગમત, અન્નકુટ, મહા આરતી જેવા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. ભગવાન ગજાનનની આ દસ દિવસની સેવા પૂજા અને ભક્તિ બાદ અનંત ચૌદશના દિવસે શ્રીજીની વિદાયનો સમય ભક્તો તથા આયોજકો માટે અત્યંત હૃદય દ્રાવક જોવા મળે છે. ચાલુ વર્ષે આ તમામ આયોજન શાંતિ પૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે આજે આયોજકો સાથે પોલીસ અને વહીવટી તંત્રની એક બેઠક યોજાઈ હતી. જેમાં પ્રાંત અધિકારીએ સૂચનો અને માર્ગદર્શન આપતા કહ્યું હતું કે દરેક આયોજકોએ જરૂરી તમામ પરવાનગીઓ સમયસર લેવાની રહેશે. આયોજકોએ શક્ય ત્યાં સુધી પીઓપી મૂર્તિ, પ્લાસ્ટિકના ઉપયોગ ઉપર પ્રતિબંધ રાખવો જોઈએ. જે તે સ્થળોએ પંડાલમાં અસામાજીક તત્વો કે પ્રવૃત્તિઓ ધ્યાનમાં આવશે તો આયોજકો સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

આ ઉપરાંત ગણેશ વિસર્જન તળાવો કે નહેરોમાં નહીં કરવા સુચન કર્યું હતું. વિસર્જન સ્થળે સીસીટીવી કેમેરા અને દરમ્યાન ડીજે સંચાલકો દ્વારા જાહેરનામાનો ભંગ ના થાય તેની તકેદારી રાખવા પણ ચીમકી ઉચ્ચારી હતી. એમજીવીસીએલને ખુલ્લા અને લટકતા નડતરરૂપ વાયરો દૂર કરવા પણ સૂચના આપવામાં આવી હતી. પેટલાદ ટાઉન પીઆઈએ પાલિકાના અધિકારીને વિસર્જન લાઈટીંગની પૂરતી વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં નાયબ કલેક્ટર, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, ટાઉન - રૂરલ પોલીસના અધિકારીઓ, એમજીવસીએલ - પાલિકાના કર્મચારીઓ, આયોજકો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પેટલાદ શહેરમાં આગમનનો ક્રેઝ વધ્યો

છેલ્લા પાંચેક વર્ષ દરમ્યાન પેટલાદ ખાતે ગણેશ મહોત્સવ પૂર્વે શ્રીજીના આગમનનો ક્રેઝ વિશેષ રીતે વધતો જતો જોવા મળી રહ્યો છે. આયોજકો દ્વારા અત્યારથીજ શ્રીજીને રંગેચંગે ભવ્ય આગમન થકી પધરામણી કરવામાં આવી રહ્યા છે. આગમન માટે લાખો રૂપિયા ખર્ચી ડીજે, લાઈટીંગ, ડેકોરેશન, પુષ્પવર્ષા કરવામાં આવી રહી છે. જો કે પ્રાંત અધિકારી અને ટાઉન પીઆઇએ કહ્યું હતું કે ચાલુ વર્ષે આગમન યાત્રા રાત્રીના ૧૦ કલાક સુધી જ કાઢી શકશે.

પિઠાઈના ગૌ-વંશ કતલ કેસમાં વીજ ચોરી પકડાઈ

વીજ કંપનીએ ૩ ગેરકાયદે કનેક્શન કાપી રૂ. ૩૬ હજારનો દંડ ફટકારાયો

(પ્રતિનિધિ) કઠલાલ તા.૨

કઠલાલના પિઠાઈ ગામમાં ગૌ-વંશની ગેરકાયદે કતલ અને વેચાણ કરવાના ગુનામાં પકડાયેલા આરોપીઓની તપાસ દરમિયાન વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો છે. આરોપીઓ ઘરે ગેરકાયદેસર રીતે વીજચોરી કરતા હોવાનું જણાતા કઠલાલ પોલીસ અને વીજ કંપનીના અધિકારીઓએ સંયુક્ત કાર્યવાહી કરી કુલ ૩ ગેરકાયદેસર વીજ જોડાણો કાપી રૂ. ૩૬ હજારની દંડની વસૂલાત કરી છે.

કઠલાલ પોલીસ સ્ટેશનમાં ૩૧મી ઓગષ્ટના રોજ ગુજરાત પ્રાણી સંરક્ષણ સુધારા અધિનિયમ હેઠળ ગૌ-વંશના ગેરકાયદે કતલ અને વેચાણ અંગેનો ગુનો નોંધાયો હતો. આ ગુનાની તપાસ દરમિયાન પોલીસ દ્વારા આરોપીઓએ ગુનાહિત પ્રવૃત્તિથી વસાવેલી મિલકતો તેમજ અન્ય ગેરકાયદે પ્રવૃત્તિઓની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ તપાસ દરમિયાન પકડાયેલા શખસો વીજચોરી કરતા હોવાની માહિતી મળતા કઠલાલ પોલીસે વીજ કંપનીની કઠલાલ કચેરીને યાદી આપી હતી. બાદમાં પોલીસ અને વીજ કંપનીના અધિકારીઓની સંયુક્ત ટીમે પિઠાઈ ગામે આરોપીઓના ઘરે ઓચિંતી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આરોપીઓ તેમજ તેમના સગા-સંબંધીઓ સીધી લાઇનમાંથી ગેરકાયદેસર વીજ જોડાણ મેળવીને વીજચોરી કરતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પ્રાથમિક તપાસમાં જ ઘટનાસ્થળેથી જ ત્રણેય ગેરકાયદેસર કનેક્શન તાત્કાલિક કાપી નાખ્યા હતા અને રૂ. ૩૬,૦૦૦ના દંડની વસૂલાત કરી છે.

જગતનો તાત ચિંતામાં ડૂબ્યો | સરકારી યોજનાઓ માત્ર આસમાની ચાંદ સમાન સાબિત થઈ

આણંદમાં તમાકુના ધરૂ નાશ પામવાના આરે, ખેડૂતોને લાખોનાં નુકસાનનો ભય

મોંઘા બિયારણ, ખાતર અને પાણીના માર વચ્ચે ખેડૂતો ફરી બેઠા થવા મથ્યા

(પ્રતિનિધિ) આણંદ તા.૨

આણંદ તાલુકાના ઓડ, સારસા, ખંભોળજ સહિતના વિસ્તારોમાં જુલાઈ માસ દરમિયાન ઉછેરેલું તમાકુનું કીમતી ધરૂ સુકાઈ જતાં ખેડૂતો ભારે આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. આશરે ૮૦૦ એકર જમીનમાં વાવેતર થઈ શકે તેટલું ધરૂ નાશ પામવાના આરે આવતાં ધરતીપુત્રો ચિંતાતુર બન્યા છે, પરંતુ હિંમત હાર્યા વિના તેઓ ફરી એકવાર નવેસરથી ધરૂ ઉછેરવા માટે કમર કસી રહ્યા છે.

આણંદ પંથકના ઓડ, સારસા, ખંભોળજ, ખોરવાડ, નવાપુરા, સીલી અને ધોળી જેવા ગામોમાં ખેડૂતોએ રાત-દિવસ મહેનત કરીને, મોંઘી દવા, બિયારણ અને કુવાના મોંઘા પાણી પાઈને તમાકુનું ધરૂ ઉછેર્યું હતું. જો કે, આ ધરૂ અચાનક સુકાઈ જતાં લાખો રૂપિયાના ખર્ચ પર પાણી ફરી વળ્યું છે અને ખેડૂતો ઘેરી હતાશા અને નિરાશામાં ડૂબી ગયા છે.

ખંભોળજ ગામના અનુભવી ખેડૂતોએ વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે વરસાદ ખેંચાવાને કારણે અત્યારે ખેડૂતો અત્યંત કપરા અને કઠણ દિવસોમાંથી પસાર થઈ રહ્યા છે. તેમાં પણ યુરિયા ખાતરના વધેલા ભાવો અને કુવાના મોંઘા પાણીના ખર્ચે ખેડૂતોના માથે નવી તલવાર લટકાવી દીધી છે. જગતનો તાત તન, મન અને ધનથી બરબાદ થઈ રહ્યો છે અને સરકારી યોજનાઓ ખેડૂતો માટે માત્ર આસમાની ચાંદ જેવી એટલે કે પહોંચ બહારની પુરવાર થઈ રહી છે. આ તમામ મુશ્કેલીઓ વચ્ચે પણ હૈયે હિંમત ધરીને ખેડૂતો નાના બાળકની જેમ માવજત કરી નવેસરથી તમાકુનું ધરૂ ઉછેરી રહ્યા છે.

તારાપુરમાં સારવાર કરતો બોગસ ડોક્ટર પકડાયો

પચેગામમાં પોલીસે દરોડો પાડી રૂ. ૨.૨૯ લાખની દવાઓ જપ્ત કરી

(પ્રતિનિધિ) તારાપુર તા.૨

તારાપુર તાલુકાના પચેગામ ખાતે કોઈ પણ માન્ય તબીબી ડિગ્રી કે રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ વિના ગેરકાયદેસર રીતે ક્લિનિક ચલાવી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા એક ૨૪ વર્ષીય બોગસ ડૉક્ટરને તારાપુર પોલીસ અને સ્થાનિક આરોગ્ય વિભાગની ટીમે દરોડો પાડીને રંગેહાથ ઝડપી લીધો છે.

તારાપુરના ખડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. આશિયાના સૈયદને બાતમી મળી હતી કે, પચેગામમાં દરબારની ડેલીમાં આવેલા પ્રતાપસિંહ ચંદનસિંહ ગોહિલના મકાનમાં એક શખ્સ કોઈ પણ ડિગ્રી વિના ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરે છે. આ બાતમીના આધારે ડો. આશિયાના સૈયદ અને તારાપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી. ગોહીલ સહિતના સ્ટાફે સંયુક્ત રીતે પચેગામ ખાતેના આ સ્થળે ઓચિંતો દરોડો પાડ્યો હતો.

આ દરોડામાં હાજર શખ્સે પોતાનું નામ મિલ્ટોન ઉર્ફે મિલનભાઇ સુભાષ મધુ (ઉંમર ૨૪ વર્ષ, મૂળ રહે. પશ્ચિમ બંગાળ) હોવાનું જણાવ્યું હતું. તબીબી પ્રેક્ટિસ કરવા અંગે તેની પાસે કોઈ પણ માન્ય ડિગ્રી કે ગુજરાત મેડિકલ કાઉન્સિલનું સર્ટિફિકેટ ન હતું. સ્થળ પરથી પોલીસે કાયદેસરના આધાર-પુરાવા વિના રાખેલી એલોપેથિક દવાઓ, સિરપ, ઇન્જેક્શન્સ અને સ્ટેથોસ્કોપ સહિતનો તમામ મુદ્દામાલ કબજે લીધો હતો. આ અંગે તારાપુર પોલીસે મિલ્ટોન ઉર્ફે મિલનભાઈ વિરુદ્ધ ગુનો નોંધી ૨,૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

તબેલો બનાવવા માટે લોનની લાલચ આપી ચાર ગઠિયાએ કસબ અજમાવ્યો

વીરપુર : ખાટા ગામના પશુપાલક સાથે ₹૧.૧૪ લાખની છેતરપિંડી

ગઠિયાએ ૨૦ લાખની લોન અપાવવાના નામે નાણા ખંખેરી લીધા

(પ્રતિનિધિ) વીરપુર તા.૨

મહીસાગરના વીરપુર તાલુકાના ખાટા ગામના એક ખેડૂત પશુપાલક સાથે લોન પાસ કરાવી આપવાના નામે રૂ. ૧.૧૪ લાખની ઓનલાઇન છેતરપિંડી આચરવામાં આવી હોવાની ચોંકાવનારી ઘટના બની છે.

વીરપુર તાલુકાના ખાટા ગામે રહેતા ૩૦ વર્ષીય ખેડૂત જુગલભાઈ વિનુભાઈ પટેલે પોતાના પશુઓ માટે તબેલો બનાવવા આશરે રૂ. ૨૦ લાખની લોન લેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ દરમિયાન તેમનો સંપર્ક લુણાવાડા તાલુકાના સોનેલા ગામના બિપીનકુમાર અંબાલાલ મકવાણા સાથે થયો હતો. તેઓએ લોન કરાવી આપવાનો પૂર્ણ વિશ્વાસ આપી જુગલભાઈ પાસેથી ઓળખના પુરાવા મેળવ્યા હતા. બાદમાં બીપીનકુમારે તેના અન્ય સાથીદારો સંજય ગાંડાભાઈ તિરગર (રહે. હાલોલ, જિ. પંચમહાલ), તુષાર રોહિતભાઈ પેન્ડસે (રહે. નવસારી) અને રાહુલ ઉર્ફે દીપક શર્મા (રહે. નવી દિલ્હી) સાથે મળી ગુનાહિત કાવતરું રચ્યું હતું. આ ટોળકીએ ભેગા મળીને જુગલભાઈ અને તેમના ભાઈના બેંક ખાતાઓમાંથી અલગ-અલગ બહાના હેઠળ કુલ ૧૮ વખત ઓનલાઇન વ્યવહાર કરાવીને કુલ રૂ. ૧,૧૪,૨૮૦/- પોતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા.

આ ગઠિયાઓએ ખાતરી આપી હતી કે ટ્રાન્સફર કરેલા નાણાં બાદ ૭૨ કલાકની અંદર લોનની રકમ તેમના ખાતામાં જમા થઈ જશે. પરંતુ લાંબો સમય વીતવા છતાં પણ કોઈ લોન પાસ ન થતાં અને સતત વધુ નાણાંની માંગણી ચાલુ રાખવામાં આવતા જુગલભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની ખાતરી થઈ હતી. આથી તેમણે આખરે સાયબર સેલ પોર્ટલ પર ઓનલાઇન ફરિયાદ દાખલ કર્યા બાદ વીરપુર પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે.

વીરપુર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ. એમ. બારીયાએ ચારેય આરોપીઓ સામે વિવિધ કલમ હેઠળ ગુનો દાખલ કરીને આગળની તપાસ શરૂ કરી છે.

સરકારી નોકરીની લાલચ આપી ત્યક્તા પર દુષ્કર્મ

ઓડ કેનાલ પાસે અશ્લીલ વીડિયો બનાવી ધમકી આપી

(પ્રતિનિધિ) આણંદ તા.૨

વડોદરા જિલ્લાની ત્યક્તાને સરકારી નોકરી અપાવવાની લાલચ આપી ઓડ કેનાલ પાસેની એક ઓરડીમાં દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની આઘાતજનક ઘટના સામે આવી છે. નરાધમ શખસે પીડિતાના નગ્ન ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપતા ખંભોળજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરાની યુવતી ૨૭મી તારીખે ડાકોર મંદિરે દર્શન કરવા ગઈ હતી, જ્યાં પરિસરમાં અજાણ્યા શખ્સે કલેક્ટર વિભાગમાં ઓળખાણ હોવાનું કહી મહિ કેનાલ વિભાગમાં નોકરી અપાવવાની ખાતરી આપી મોબાઈલ નંબરની આપ-લે કરી હતી. બાદમાં રક્ષાબંધનના દિવસે આરોપીએ મહિલાને ઓડ બોલાવી હતી. બાદમાં ઓડ ચોકડી પહોંચતા જ 'પરેશ ચાવડા' તરીકે ઓળખાવનાર શખ્સ બાઇક પર આવી તેને કેનાલ પાસેની ઓરડીમાં લઈ ગયો હતો. પ્રથમ ચોપડા બતાવી કામ સમજાવવાના બહાને તેને અંદરના રૂમમાં લઈ જઈ મારપીટ કરી દુષ્કર્મ આચર્યું હતું.

આ દુષ્કર્મ બાદ નરાધમ શખસે પીડિતાના અશ્લીલ ફોટા અને વીડિયો શૂટ કરી લીધા હતા અને તે સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપી હતી. ડરી ગયેલી પીડિતાએ પરિવારને આપવીતી જણાવ્યા બાદ ખંભોળજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસી આરોપીને પકડવા અલગ-અલગ ટીમો બનાવી શોધખોળ હાથ ધરી છે.

આણંદ જિલ્લામાં પાંચ દિવસ વાદળછાયું વાતાવરણ રહેશે

ઉભા પાકમાં રોગ- જીવાત નિયંત્રણ અને પિયત વ્યવસ્થાપન કરવા ખેડૂતોને અનુરોધ

(પ્રતિનિધિ) આણંદ તા.૨

આણંદ કૃષિ યુનિવર્સિટી અને ભારત મૌસમ વિજ્ઞાન વિભાગના સંયુક્ત બુલેટિન અનુસાર, આણંદ જિલ્લામાં આગામી પાંચ દિવસ દરમિયાન વાતાવરણ મુખ્યત્વે ભેજવાળું અને અંશતઃ વાદળછાયું રહેશે. આ સમયગાળા દરમિયાન જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવો વરસાદ પડવાની શક્યતા છે. હવામાનના આ બદલાવને ધ્યાનમાં રાખીને ખેડૂતોને પોતાના ઉભા પાકના રક્ષણ માટે ખાસ કૃષિ સલાહ અનુસરવા જણાવાયું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી પાંચ દિવસ દરમિયાન જિલ્લાનું મહત્તમ તાપમાન ૩૩ થી ૩૫ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેશે. હવામાં મહત્તમ ભેજનું પ્રમાણ ૭૫ ટકાથી ૮૦ ટકા અને લઘુત્તમ ભેજ ૫૫ ટકાથી ૬૫ ટકા નોંધાઈ શકે છે. આ સમયગાળામાં પવનની સરેરાશ ઝડપ ૧૩ થી ૧૫ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની ધારણા છે.

ખેડૂતો માટે ખાસ કૃષિ સલાહ

- **ભેજની જાળવણીઃ** વરસાદ ખેંચાયો હોય તેવી સ્થિતિમાં જમીનમાં ભેજ જાળવી રાખવા માટે આંતરખેડ અને નિંદામણ જેવા ખેત કાર્યો કરવા અને જરૂરિયાત મુજબ જ હળવું પિયત આપવું. પૂરતો ભેજ હોય ત્યારે જ રાસાયણિક ખાતર આપવું અથવા વરસાદની ખેંચમાં ખાતર આપવાનું ટાળવું.
- **દવાનો છંટકાવઃ** ઉભા પાકોમાં રોગ-જીવાતના નિયંત્રણ માટે વરસાદ ન હોય તેવા કોરા સમયે અને પવનની ગતિ ઓછી હોય ત્યારે કીટકનાશક કે ફૂગનાશક દવા સાથે સ્ટીકર અથવા ડિટરજન્ટ પાવડર ઉમેરીને છંટકાવ કરવો.
- **પાકને યાંત્રિક ટેકોઃ** શાકભાજી અને બાગાયતી પાકોને વધુ ઝડપી પવન સામે રક્ષણ આપવા માટે લાકડા કે વાંસનો ટેકો આપવો.
- **જળ સંચયઃ** ખેતરોમાંથી વહી જતા વરસાદી પાણીનો સંગ્રહ કરવા અને ભૂગર્ભ જળ રીચાર્જ થાય તે માટે ખેતરની સીમમાં યોગ્ય વ્યવસ્થા ઊભી કરવી.

આણંદના ૯ વર્ષીય માસૂમ આકાશના બ્રેઈનડેડ બાદ અંગદાન કરાયું

દાદા-દાદીએ કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી માનવતા મહેકાવી

(પ્રતિનિધિ) આણંદ તા.૨

આણંદના કુંજરાવ ગામના મોરીનો કુવો ખાતે રહેતા અને ખેતમજૂરી કરતા અત્યંત ગરીબ પરિવારના ૯ વર્ષીય માસૂમ બાળક આકાશ ભરતભાઈ પરમારના અકાળ અવસાન બાદ તેના દાદા-દાદીએ અત્યંત કઠણ કાળજે પોતાના વ્હાલસોયા પૌત્રના અંગોનું દાન કરી સમાજને માનવતા અને અંગદાનનો અનોખો સંદેશ આપ્યો છે.

કુંજરાવના આકાશના દાદા વાઘજીભાઈ અને દાદી શારદાબેન ખેતમજૂરી કરીને માંડ પરિવારનું ગુજરાન ચલાવે છે. આર્થિક રીતે અત્યંત સામાન્ય પરિસ્થિતિ હોવા છતાં, પૌત્રના બ્રેઈનડેડ જાહેર થયા બાદ દાદા વાઘજીભાઈએ લીધેલો ઉમદા નિર્ણય દરેકના હૃદયને સ્પર્શી ગયો છે. તેમણે આંસુ ભીની આંખે જણાવ્યું હતું કે, અમે ખુબ જ સામાન્ય

પરિવારના છીએ, જીવનમાં કોઈ ચીજ વસ્તુઓનું દાન કરી શકીએ તેમ નથી, કમનસીબે મારો પૌત્ર બ્રેઈનડેડ છે, શરીર તો રાખ જ થઈ જવાનું છે, ત્યારે મારા પૌત્રના જેટલા પણ અંગોનું દાન થઈ શકતું હોય તે કરાવીને અંગ નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપવા માટે આપ આગળ વધો.

ગરીબી હોવા છતાં આ પરિવારે લીધેલો આ ઉદાર નિર્ણય સમાજ માટે પ્રેરણાનું ઉત્તમ ઉદાહરણ બન્યો છે. અકસ્માત અને કરુણ ઘટના મોરીનો કુવો, કુંજરાવની શાળામાં ધોરણ ૨ માં અભ્યાસ કરતો ૯ વર્ષીય આકાશ ગત ૨૮મી ઓગસ્ટના રોજ સાંજે પોતાના મોટાભાઈ પ્રકાશ (ઉં.વ. ૧૨) સાથે રસ્તા પરથી ચાલીને ઘરે જઈ રહ્યો હતો. આ દરમિયાન તરસાડ-તલાવડી રોડ પર એક અજાણ્યા કાર ચાલકે તેને ટક્કર મારતા આકાશને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી અને તે બેભાન થઈ ગયો હતો.

કરમસદની શ્રીક્રિષ્ણા હોસ્પિટલમાં સારવાર દરમિયાન સીટી સ્કેન કરાવતા તેને બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન થયું હતું. તબીબોના તમામ પ્રયાસો છતાં ૨મી સપ્ટેમ્બરના રોજ મેડિકલ ટીમ દ્વારા તેને બ્રેઈનડેડ જાહેર કરાયો હતો. જે બાદ ડોક્ટરોએ 'ડોનેટ લાઈફ' આણંદની ટીમનો સંપર્ક સાધ્યો હતો.

ગ્રીન કોરીડોરથી અમદાવાદ અંગો પહોંચાડાયા

એસઓટીટીઓ દ્વારા આકાશની બંને કિડની અને લિવર અમદાવાદની આઈકેડીઆરસી હોસ્પિટલને ફાળવવામાં આવ્યા હતા. કરમસદની હોસ્પિટલથી અમદાવાદ સુધી સમયસર અંગો પહોંચાડવા માટે આણંદ શહેર પોલીસ તેમજ રાજ્યના વિવિધ શહેર અને ગ્રામ્ય પોલીસના સહકારથી 'ગ્રીન કોરીડોર' બનાવવામાં આવ્યો હતો. જ્યારે આકાશના ચક્ષુઓનું દાન કરમસદની શ્રીક્રિષ્ણા હોસ્પિટલ દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું. આ સમગ્ર પ્રક્રિયા 'ડોનેટ લાઈફ'ના સ્થાપક અને પ્રમુખ નિલેશ માંડલેવાલાના માર્ગદર્શન હેઠળ આણંદ અને કરમસદ હોસ્પિટલની ટીમોના સંયુક્ત સહયોગથી પૂર્ણ કરવામાં આવી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225